# ગાંધીજી પર ૧૩૦ દેશમાં નોટ-સિક્કા

મુંબઈ: દેશ અત્યારે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે દેશની આઝાદીમાં અમુલ્ય યોગદાન આપનારા મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીની રવિવારે ૧૫૦મી જન્મજયંતી છે. મહાત્મા ગાંધી ફક્ત ભારતમાં જ નહીં, આખી દુનિયાની અત્યંત સન્માનનીય વ્યક્તિ ગણાય છે અને દુનિયાના ૧૩૦ દેશોએ તેમના પર ચલણી નોટ કે સિક્કા બહાર પાડ્યા છે. આવી જ રીતે અનેક દેશોએ તેમના પર ટપાલ ટિકિટ કે પછી પરબિડિયાં બહાર પાડ્યા છે.

મહાત્મા ગાંધીની સત્ય અને અહિંસાની વિચારધારાએ માર્ટિન લ્યુથર કિંગ અને નેલ્સન મંડેલા જેવા લોકોને પ્રભાવિત કર્યા છે અને પોતાના મૃત્યુના ૬૦ વર્ષ બાદ પણ આ વિચારો લોકોને પ્રોત્સાહિત કરી શકે છે અને તેને માટે જ આ સિક્કા, નોટોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

દરેક દેશ દ્વારા બહાર પાડવામાં આવેલા નોટ-સિક્કા-ટપાલ ટિકિટ-પરબિડિયાં બાબતની માહિતીને એક પુસ્તકરૂપે પ્રકાશિત કરવામાં આવી છે જેને મિન્ટેજ વર્લ્ડ: વર્લ્ડસ ફસ્ટ ઓનલાઈન મ્યુઝિયમ ફોર વિન્ટેજ એન્ડ કરન્સી કોઈન્સ, સ્ટેમ્પ્સ એન્ડ કરન્સી નોટ્સ દ્વારા સ્મરણિકા તરીકે બહાર પાડવામાં આવ્યું છે અને તેને નામ આપવામાં આવ્યું છે ગ્લોબલ કલેક્ટિબલ્સ ઓફ મહાત્મા ગાંધી થ્રુ નોટ્સ, કોઈન્સ એન્ડ સ્ટેમ્પ્સ.